


NAVBHARAT TOURISM PVT. LTD.

**NP-2401**

# નેપાળ

**૬ રાત્રી ૭ દિવસ**

**૨ કાઠમંડુ - ૨ પોખરા - ૧ ચિત્તવન - ૧ કાઠમંડુ**

| દર પ્રતિ વ્યક્તિ (૨ વ્યક્તિ વચ્ચે ૧ રૂમ) | દર પ્રતિ વ્યક્તિ (૩ વ્યક્તિ વચ્ચે ૧ રૂમ) | ૩ થી ૧૦ વર્ષનું બાળક સીટ સાથે/પથારી વગર |
|---|---|---|
| રૂા. ૨૯૫૦૦/- | રૂા. ૨૮૫૦૦/- | રૂા. ૨૧૦૦૦/- |

(વધારાની ત્રીજી વ્યક્તિ માટે રૂમમાં પલંગ સિવાય મેટ્રેસની વ્યવસ્થા જ રહેશે.)

**૩ વર્ષ સુધીનું બાળક ફ્રી**

બુકીંગ ફોર્મમાં ૩ થી ૧૦ વર્ષ સુધીના બાળકની વિગત આપવી તથા બુકીંગ સમયે તે બાળકનું ફોટો આઈ-ડી અને જન્મનું પ્રમાણપત્ર ઓફિસમાં આપવું ફરજીયાત છે. અન્યથા ઓફિસમાં જાણ કર્યા વગરના બાળકની રકમ ટુર મેનેજરને ટુર ઉપડતા પહેલા ચૂકવવાની રહેશે.

## કાઠમંડુ પહોંચવાની તારીખ

| | |
|---|---|
| ઓક્ટોબર-૨૪ : ૨૦ | જાન્યુઆરી-૨૫ : ૨૧, ૨૭ |
| નવેમ્બર-૨૪ : ૨૪, ૩૦ | ફેબ્રુઆરી-૨૫ : ૨, ૧૨, ૨૨ |
| ડિસેમ્બર-૨૪ : ૬, ૧૨ | માર્ચ-૨૫ : ૨, ૧૨ |

### દિવસ-૧ : કાઠમંડુ આગમન

એર દ્વારા કાઠમંડુના ત્રિભુવન એરપોર્ટ પર આગમન અને અહીં ઈમીગ્રેશનની ઔપચારીક કાર્ય કરી હોટલ જવા માટે પ્રસ્થાન. હોટલમાં આગમન અને ચેક-ઈન. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ કાઠમંડુ**

### દિવસ-૨ : કાઠમંડુ

સવારે નાસ્તાબાદ કાઠમંડુના સ્થાનિક સ્થળોની મુલાકાત. જેમાં, પશુપતિનાથ મંદિર, બૌધનાથ સ્તુપા, બુદ્ધિસ્ટ સ્તુપા, દરબાર સ્કવેર અને સ્વયંભુનાથ સ્તુપા સામેલ છે. અહીંથી તમને કાઠમંડુનો નયનરમ્ય નજારો જોવાનો લ્હાવો પ્રાપ્ત થશે. સાંજે અહીંના સ્થાનિક બજારમાં ખરીદીની મજા માણો. **રાત્રી રોકાણ કાઠમંડુ**

### દિવસ-૩ : કાઠમંડુથી પોખરા (૨૦૦ કિ.મી. ૬ કલાક)

સવારે નાસ્તાબાદ કાઠમંડુથી પોખરા જવા માટે પ્રસ્થાન. રસ્તામાં આવતા મનોકામના મંદિરની રોપ-વે દ્વારા મુલાકાત લઈ શકશો (સ્વખર્ચે). ત્યારબાદ અહીંથી રવાના થઈ પોખરા આગમન અને હોટલમાં ચેક-ઈન. કુદરતી સૌંદર્યથી ઘેરાયેલા હિમાલયની પર્વતમાળાઓ જોવાનો આલ્હાદક આનંદ માણો. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ પોખરા**

### દિવસ-૪ : પોખરા

સવારે નાસ્તાબાદ પોખરાના સ્થાનિક સ્થળોની મુલાકાત. જેમાં, ગુપ્તેશ્વર મહાદેવની ગુફા, ડેવીસ ફોલ, સેતી જ્યોર્જ અને સ્વામિનારાયણ મંદિરની સામેલ છે. અહીં આવેલ ફેવા લેકમાં બોટીંગની મજા માણો (સ્વખર્ચે). **રાત્રી રોકાણ પોખરા**

### દિવસ-૫ : પોખરાથી ચિત્તવન (૧૫૫ કિ.મી. ૫ કલાક)

સવારે નાસ્તાબાદ પોખરાથી ચિત્તવન જવા માટે પ્રસ્થાન. કુદરતી સૌંદર્ય માણતાં ચિત્તવન આગમન અને હોટલમાં ચેક-ઈન. દિવસ દરમ્યાન આરામ. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ ચિત્તવન**

### દિવસ-૬ : ચિત્તવનથી કાઠમંડુ

વહેલી સવારે ચિત્તવનના જંગલમાં સ્વખર્ચે હાથી સવારી અથવા જીપ સફારી કરી વિવિધ પ્રકારના પશુ-પક્ષીઓ નિહાળીશું અને તેમના કલરવ વચ્ચે કુદરતી સૌંદર્ય માણીશું. ત્યારબાદ અહીંથી રવાના થઈ કાઠમંડુ જવા માટે પ્રસ્થાન. કાઠમંડુ આગમન અને હોટલમાં ચેક-ઈન. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ કાઠમંડુ**

### દિવસ-૭ : કાઠમંડુથી રવાના

સવારે નાસ્તાબાદ હોટલથી એરપોર્ટ જવા માટે પ્રસ્થાન. નવભારત ટુરીઝમ દ્વારા આયોજીત યાદગાર પ્રવાસના અનુભવ સાથે ત્રિભુવન એરપોર્ટ પરથી રવાના.

### અગત્યની નોંધ :

- **દરેક જગ્યાએ રૂમની સાઈઝ ૧૦"x૧૧" ફુટની હોય છે.**
- દરેક પ્રવાસીએ કાઠમંડુ એરપોર્ટ પહોંચવાનું રહેશે.
- કાઠમંડુ એરપોર્ટથી હોટલ અને હોટલથી કાઠમંડુ એરપોર્ટ પ્રવાસીએ સ્વખર્ચે પહોંચવાનું રહેશે.
- ત્રીજી વ્યક્તિ માટે રૂમમાં બેડ વગર ફક્ત એકસ્ટ્રા મેટ્રેસની વ્યવસ્થા રહેશે.
- સંખ્યા પ્રમાણે એ.સી. વાહનની વ્યવસ્થા રહેશે.
- દરેક પ્રવાસીએ પોતાનો પાસપોર્ટ અથવા ભારતીય નાગરીકત્વનું ફોટાવાળું અસલ ચુંટણી કાર્ડ સાથે રાખવાનું રહેશે. સ્કૂલ અને કોલેજના બાળકો માટે સંસ્થામાંથી આપેલ ફોટાવાળું આઈ-ડી કાર્ડ સાથે રાખવું ફરજીયાત છે.
- દરેક પ્રવાસીએ પોતાના ૬ ફોટોગ્રાફ સાથે રાખવા.
- દિલ્હીથી કાઠમંડુ અને કાઠમંડુથી દિલ્હી વોલ્વો બસ સર્વિસ ઉપલબ્ધ છે.
- નેપાળમાં ભારતીય ચલણની પાંચસો, હજાર અને બે હજાર રૂપિયાની નોટ ચાલતી નથી.
- નેપાળમાં દરેક બેંકના ક્રેડીટ કાર્ડ સ્વીકારવામાં આવે છે.
- પ્રવાસન ક્ષેત્ર સાથે જોડાયેલી કોઈપણ સંસ્થા પોતાના પ્રવાસીને હંમેશા સારું આપવાનો જ પ્રયત્ન કરતી હોય છે. છતાં સંજોગોવસાત દર્શાવેલ હોટલમાં બુકીંગ ન મળે તો તે પ્રકારની અન્ય હોટલમાં બુકીંગ કરાવવામાં આવશે. જે દરેક પ્રવાસીને માન્ય રહેશે.
- હોટલમાં દરેક રૂમો એક સરખા હોતા નથી, જેથી દરેક પ્રવાસીએ પોતાને આપેલ રૂમની સરખામણી બીજા કોઈના રૂમ સાથે કરવાની રહેશે નહીં. અને તે અંગે મેનેજર કે મેનેજમેન્ટ સાથે કોઈપણ તકરાર કરવી નહીં.
- કોઈપણ જગ્યાની પ્રવેશ ફી, ગાઈડ ફી, કેમેરા ચાર્જીસ, કુલી, મજૂરી, લોન્ડ્રી, રાઈડ, રોપ-વે, બોટીંગ, દાન, ટીપ્સ, કોલ્ડ્રીંક્સ, હાર્ડ ડ્રીંક્સ, તબીબી સેવા, મુસાફરી વિમો તથા સ્વ પસંદગીથી કરેલા કોઈપણ ખર્ચ પ્રવાસીએ પોતે ભોગવવાનો રહેશે.
- પ્રવાસ દરમ્યાન સવારનો બ્રેકફાસ્ટ તથા બપોરના અને સાંજના ભોજનની વ્યવસ્થા નવભારત ટુર્સના કીચનમાંથી રહેશે.
- પ્રવાસમાં જરૂરી સંખ્યા (ઓછામાં ઓછી ૩૦) ન થાય તો તેવા પ્રવાસમાં સવારનો બ્રેકફાસ્ટ અને સાંજના ડીનરની વ્યવસ્થા હોટલમાંથી રહેશે. લંચ રહેશે નહીં. મેનેજરની વ્યવસ્થા પણ રહેશે નહીં.
- આ સંજોગોમાં પ્રવાસ રદ કરાવનાર પ્રવાસીએ એર ટિકીટ અથવા રેલ્વે ટિકીટનું કેન્સલેશન પોતે ભોગવવાનું રહેશે. કંપની જવાબદાર નથી.
- હોટલના ચેક-ઈન અને ચેક-આઉટ સમય પ્રમાણે રૂમની વ્યવસ્થા રહેશે. સમયથી વહેલા પહોંચનાર અને ચેક-આઉટ સમય પ્રમાણે રૂમ ચેક-આઉટ કરી પ્રવાસીએ હોટલના વેઈટીંગ એરીયામાં બેસવાનું રહેશે.

info@navbharattourism.com
www.navbharattourism.com
3-4, Ganesh Plaza, Opp. Navrangpura Bus-Stand, Navrangpura, Ahmedabad, Gujarat – 380009
+91 99744 41073 | +91 98258 04077
079 4848 4222 | 079 4848 4999